# શ્રી શત્રુંજય - મુક્તિ સમ્યગ્જ્ઞાન અભ્યાસક્રમ

સા વિદ્યા યા વિમુક્તયે

## પ્રથમ વર્ષ અભ્યાસક્રમ-૧

જૂન 2026

## પ્રશ્ન પત્ર

ગુણાંક ૧૦૦

**સુચના** (૧) નામ અને એનરોલમેન્ટ નંબર વિનાનો પેપર રદ્દ કરવામાં આવશે. (૨) લાલ પેનનો ઉપયોગ કરવો નહીં. (૩) જવાબ પેપર માંજ ખાના માં જવાબ લખવાનો છે સાથે બીજો પેપર જોડવાનો નથી. (૪) ન સમજાય એવા અક્ષરોવાળા જવાબ તપાસવામાં આવશે નહીં. (૫) જવાબ પત્ર દરેક મહિનાની તા. ૫ થી તા. ૨૫ સુધીમાં મોકલાવાના રહેશે. આગળ-પાછળ આવેલા પેપર તપાસવામાં આવશે નહીં. (૬) બધા જવાબો અભ્યાસક્રમના આધારે જ લખવાના છે. (૭) જે મહિના ના પ્રશ્ન પત્ર છે તે પછી ના મહિના ની ૨૫ તા. સુધી તમારા ગુણાંક તેમજ સાચા ઉત્તર ઇન્ટરનેટ ઉપર આપવા માં આવશે એના પછી આવેલા ઉત્તરપત્ર સ્વીકારાશે નહીં. તેમજ એના માટે ફોન ઉપર જવાબ આપવા માં આવશે નહીં.

**પ્રશ્ન-૧ ખાલી જગ્યા પુરો** ૨૦

૧) તાડનું ફળ તુટીને છોકરા ઉપર પડયું અને બાળક નું મૃત્યુ એ પહેલું ...............આ અવસર્પિણીમાં થયું.
૨) શુભકર્મ બંધમાં નિમિત્તરૂપ જીવનો શુભ ..................તે ભાવ પુણ્ય છે.
૩) પ્રતિહાર્ય એટલે જે ...............દરવાજાના રખેવાળ તરીકે પ્રભુ પાસે રહે છે તે.
૪) .....................સર્વ જીવોનો સમાવેશ થઇ જાય છે.
૫) હું દેવલોકથી ચ્યવીશ એમ પ્રભુ જાણે છે, ................પ્રભુ નથી જાણતા, અને હું ચ્યવી ગયો છું એમ પ્રભુ જાણે છે.
૬) પ્રમાદના વશી ..........વિના ને પ્રાણીઓ પોતાના માનવભવને નષ્ટ કરી નાંખે છે એમના માટે ફરીથી માનવભવની પ્રાપ્તિ દુર્લભ છે.
૭) જીવતત્વથી વિપરીત ચેતના રહિત જડસ્વભાવવાળું ..............છે.
૮) ............. .....કર્મનો ક્ષય થવાથી ભારે હળવો કે ઉચ્ચ નીચ પણાનો વ્યવહાર રહેતો નથી
૯) પાપ જે લોખંડની બેડી છે તો પુણ્ય ........... ....છે.
૧૦) ..............કુલકરે " હાકાર -માકાર" નામની બે નીતિને ન માનનાર માટે "ધિક્કાર" ની નીતિ પ્રર્વતાવી.
૧૧) કર્મોના દેશક્ષયમાં કારણ રૂપ બનતા જીવના અધ્યવસાય તે .................છે.
૧૨) અનુત્તર દેવોને પણ ...........ના અભાવે ભૌતિક સુખની પરાકાષ્ટામાં દુ;ખનું વેદન થાય છે.
૧૩) નરભવ પામી જેમણે એળે ગુમાવ્યો એમના માટે ફરી ........... ની પ્રાપ્તિ દુર્લભ છે.
૧૪) સંવર, નિર્જરા અને મોક્ષ જીવના .................સ્વરૂપ છે.
૧૫) ...............ના ક્રોધને ઠંડો કરવા આપણે આપણી મર્યાદાઓ સાચવવી પડશે.
૧૬) આ અવસર્પિણીના .............પુર્ણ થવાને હજી પલ્યોપમનો આઠમો ભાગ બાકી હતો ત્યારે ક્રમથી સાત કુલકર થયા છે.
૧૭) ................ જીવોમાં બેઇંદ્રિયથી પંચેન્દ્રિય જીવોનો સમાવેશ થાય છે.
૧૮) જીવમાત્રના જીવત્વના .............શુભ ભાવનામાં તીર્થંકરત્વ જેવી મહાન વસ્તુ ભેટ ધરવાનું સામર્થ્ય છે.
૧૯) હિંસાદિક ક્રિયાઓ વ્દારા જે નવા કર્મોપાર્જનના હેતુઓ તથા માર્ગો તે................છે.
૨૦) .............. જીવો પ્રત્યેની દયા કરૂણાની ભાવના અઇમુત્તા બાલમુનિને કૈવલ્યની ભેટ ધરે છે.

**પ્રશ્ન-૨ એક જ શબ્દમાં જવાબ આપો.** ૧૫

૧) અરિહંત પરમાત્મા ના ઉપદેશ નો સાર શું છે?
૨) વિવિધ પ્રકારના માટિના - પાષાણ અને ખાણના જીવોને શું કહેવાય?
૩) મોહનીય કર્મનો ક્ષય થવાથી કયો ગુણ પ્રાપ્ત થાય છે.?
૪) ભગવાનની વાણી કયા રાગમાં હોય છે.
૫) વિમલવાહન કુલકરે કઇ દંડનીતિ પ્રવર્તાવી?
૬) નવકારમંત્રમાં દેવતત્વ કયા?
૭) અનંતવીર્ય ગુણની પ્રાપ્તિ કયા કર્મના ક્ષયથી થાય છે?
૮) કયા નગરના રાજાએ એવી પ્રતિજ્ઞા કરી હતી કે હું મારી રાજકુમારી જે રાધાવેધમાં સફળ થશે એનેજ આપીશ?
૯) ઉપાદેય એટલે શું?
૧૦) ઋષભકુમારનો રાજ્યાભિષેક કોણે કર્યો?
૧૧) કયા કારણસર તીર્થંકર ભગવાન લોકાલોકનું સર્વ સ્વરૂપ સર્વ પ્રકારે જાણે છે?
૧૨) સિધ્દ ની સ્થિતીને શું કહેવાય?
૧૩) દ્રવ્યબંધમાં કારણરૂપ બનતા જીવના અધ્યવ્યવસાય ને શું કહેવાય છે?
૧૪) સંવર અને નિર્જશ વડે સર્વથા બધાજ કર્મોનો ક્ષય થાય તે કયું તત્વ?
૧૫) "રાજન આપના સુપુત્ર રાજકુમાર આપને મારીને રાજય ગ્રહણ કરવા ઇચ્છે છે" આ વાકય ગુપ્તચરોએ કોને કહયું?

**પ્રશ્ન- ૩ નીચે આપેલા શબ્દોના અર્થ લખો.** ૧૦

૧) પાણાસણો ૨) રયણ ૩) મુકખો ૪) થાવરા ૫) પૂવ્વસૂરીહિં ૬) મુત્તા ૭) બાસીય ૮) પઇવં ૯) ફલિહ
૧૦) નાયવ્વા ૧૧) પુટવી ૧૨) સવ્વેસિં ૧૩) અબ્ભય ૧૪) એગવિહ ૧૫) એસો ૧૬) કમેણેસિં ૧૭) છવ્વિહા
૧૮) ભેયા ૧૯) સવ્વપાવ ૨૦) અબૂહ

**પ્રશ્ન-૪ જોડક જોડો ( ફકત બી ) નું નંબર લખો.** ૧૦

| એ | બી |
|---|---|
| ૧) નવકાર | ૧) આઠ પ્રતિહાર્ય |
| ૨) અરિહંત | ૨) ચંદ્રદર્શન |
| ૩) શ્વાસમાં કમળની સુગંધ | ૩) અશુભ કર્મનો આશ્રવ |
| ૪) કાચબો | ૪) તેઇન્દ્રિય |
| ૫) તેઉકાય | ૫) પંચમંગલસૂત્ર |
| ૬) પાપ | ૬) અરૂપી |
| ૭) જીવ | ૭) સહજીતિશય |
| ૮) ઉધઇ | ૮) સ્થાવર |
| ૯) સંવર | ૯) ચઉરેન્દ્રિય |
| ૧૦) માખી | ૧૦) રૂપી |

**પ્રશ્ન-૫ નીચેના પ્રશ્નોના જવાબ સંખ્યામાં લખો.** ૧૦

૧) નવતત્વમાં જીવના ભેદ કેટલા?
૨) અરિહંત ભગવાને કેટલા કર્મોનો ક્ષય કરેલ છે?
૩) આ અવસર્પિણીમાં ૩ જા આરા માં કેટલા કુલકર થયા?
૪) સંપૂર્ણ નવકારમંત્ર કેટલા પાપોનો નાશ કરે છે?
૫) સમવસરણમાં અરિહંત પ્રભુની ચારે બાજુ કેટલા યોજન સુધી નવા રોગ થાય નહીં?
૬) સ્થાવર જીવોના ભેદ કેટલા છે?
૭) અરિહંતની વાણી કેટલા તત્વને પુષ્ટ કરે છે?
૮) ઋષભદેવપ્રભુ કયા ભવમાં જીવાનંદ વૈદ્ય થયા હતા?
૯) ઇન્દ્રિયોની અપેક્ષાએ જીવો કેટલા પ્રકારના છે?
૧૦) ભગવાનના મસ્તક ઉપર કુલ કેટલા છત્રો હોય છે?

**પ્રશ્ન-૬ નીચેના વાકયો સાચા (✓) છે કે ખોટા (×) તે જણાંવો.** ૧૦

૧) અરિહંત ઋષભદેવના ચાર કલ્યાણક અભિજીત નક્ષત્રમાં અને એક કલ્યાણક ઉતરાષાઢા નક્ષત્રમાં થયા.
૨) જીવવિચાર ના રચયિતા શ્રી શાંતીસૂરીશ્વરજી છે.
૩) નવકારમંત્રનો એક અક્ષર સાત સાગરોપમના પાપનો નાશ કરે છે.
૪) કર્મના દેશક્ષયમાં કારણરૂપ બનતા જીવનો અધ્યવસાય તે ભાવમોક્ષ છે.
૫) ચોથા ભવમાં શ્રી ઋષભદેવ મહાબલ નામના રાજા હતા.
૬) સ્વઇચ્છાથી એક સ્થાનથી બીજા સ્થાને જઇ શકે તે ત્રસ જીવો છે.
૭) અરૂપીપણું નામકર્મના ક્ષયથી પ્રાપ્ત થાય છે.
૮) તીર્થંકરની વાણી પ્રયોજન રહીત હોય છે.
૯) મરછર તેઇન્દ્રિય જીવ છે.
૧૦) અશોકવૃક્ષ અરિહંત દેવના દેહથી બાર ગણું હોય છે.

**પ્રશ્ન-૭ નીચેના વાકય કયા પાના પર છે તે પાના નંબર જણાવો.** ૧૦

૧) એ પોતાના પરિવારને ચંદ્રદર્શન ન કરાવી શકયો.
૨) સમસ્ત લોકને અલોક અને અલોક ને લોક કરી શકે તેવી શકિત સ્વાભાવિક રીતે સિધ્દોમાં રહેલી છે.
૩) પૂર્વ દિશા સામે ભગવંત બેસે, બાકીની ત્રણ દિશાએ ત્રણ પ્રતિબિંબ વ્યંતર દેવ સ્થાપે.
૪) આપણે પાણીનો ગ્લાસ આખો ભરીએ ......અડધો પી જઇએ અને અડધો એમજ ફેંકી દઇએ.
૫) હે સમૃધ્દિમંત ! હે કલ્યાણકર દેવ! આપ જય પામો, વિજય પામો.
૬) જ્ઞાન-દર્શનાદિ ભાવ પ્રાણોને ધારણ કરે તે ભાવ જીવ છે.
૭) તે હાથીનો વર્ણ શ્વેત હતો તેથી તે યુગલીયાને વિમલવાહન કહી ને બીજા યુગલીયાઓ બોલાવા લાગ્યા.
૮) જયાં જીવ છે ત્યાં ચૈતન્ય છે. જયાં ચૈતન્ય છે ત્યાં જીવ છે.
૯) જીવ માત્રનું જીવત્વ અમુલ્ય છે. એનાં મુલ્ય કયારે પણ આંકી શકાતા નથી.
૧૦) મારે વધારે કાંઇ જોઇતું નથી. બસ, દરરોજ પેટ ભરીને ભોજન મળી જાય એવી કાંઇક ગોઠવણ કરી આપો.

**પ્રશ્ન-૮ તમારી ભાષામાં સમજાવો.** ૧૫

૧) નવકારમન્ત્રનો મહિમા ૨) જીવોના ભેદ ૩) હાકાર દંડનીતિ
૪) માનવભવની દુર્લભતા કોઇ એક દૃષ્ટાંત સાથે. ૫) રૂપી- અરૂપી

**જવાબ પત્ર નીચે ના સરનામે મોકલશોજી**
શત્રુંજય એકેડમી, શ્રી પદ્મપ્રભસ્વામી જૈન મંદિર, સ્ટેશન રોડ, ચાળીસગામ - ૪૨૪ ૧૦૧.
જી. જળગામ. મો. ૯૦૨૮૨૪૨૪૮૪
સાચા પરિણામ અને સાચા ઉત્તર માટે વેબ સાઇટ www.shatrunjayacademy.com